## પરિશિષ્ટ–૧

# જાહેર નિવિદા

## માસિક ભાડાથી વાહન સુવિધા પુરી પાડવા બાબત

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના તાબા હેઠળની વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, સરદારકૃષિનગર, જી.બનાસકાંઠાની કચેરીને લગતી સેવાઓ માટે બંધ બોડીની જીપ–૧ માસિક ભાડેથી રાખવાની હોઈ શરતોને આધિન રસ ધરાવતી વ્યકિતઓ/એજન્સીઓએ યુનિવર્સિટી વેબસાઈટ www.sdau.edu.in પરથી ટેન્ડર ફોર્મ તા.૨૯/૧૦/૨૦૨૧ થી તા.૧૮/૧૧/૨૦૨૧ સુધી ડાઉનલોડ કરી સંપુર્ણ વિગતો ભરી અત્રેની કચેરીને તા.૨૦/૧૧/૨૦૨૧ ના રોજ ૧૭.૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલવાનું રહેશે.

તારીખ: ૨૫/૧૦/૨૦૨૧ **વિસ્તરણ શિક્ષણ નિયામક**

## પરિશિષ્ટ–૨

## <u>વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) ની પુરી પાડવા અગેના ટેન્ડર અંગેની અગત્યની સુચનાઓ</u>

૧. ટેન્ડર ભરનાર એજન્સીએ ઓનલાઈન ડાઉનલોડ કરેલ ટેન્ડર ફોર્મ ભરીને ચાલુ કામકાજના દિવસો દરમ્યાન અત્રેની કચેરીને તા.૨૦/૧૧/૨૦૨૧ ના રોજ ૧૭.૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલવાનું રહેશે.

૨. ટેન્ડર ભરનાર એજન્સીએ ટેન્ડર ફોર્મ સાથે ટેન્ડર ફી પેટે રૂા. ૧૦૦૦/– ની રકમનો ડીમાન્ડ ડ્રાફટ સ્વરૂપે (પરત નહી ચુકવવા પાત્ર રકમ) **“SDAU FUND ACCOUNT”, payable at SBI, Dantiwada** ના નામનો બિડાણ કરવાનો રહેશે. ટેન્ડર ફી વગરના ટેન્ડર સ્વીકારમાં આવશે નહીં.

૩. ટેન્ડર ભરનાર એજન્સીએ ટેન્ડર ફોર્મ સાથે સબંધિત કચેરીએ નકકી કર્યા મુજબની રૂા. ૫૦૦૦/– ની નિયત અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમનો ડીમાન્ડ ડ્રાફટ **“SDAU FUND ACCOUNT”, payable at SBI, Dantiwada** ના નામનો બિડાણ કરવાનો રહેશે. અર્નેસ્ટ મની ડીપોઝીટ વગરના ટેન્ડર સ્વીકારમાં આવશે નહીં. જે એજન્સીના ભાવો મંજુર થશે નહીં તેમને અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમના ડી.ડી. પરત કરવામાં આવશે.

૪. જે એજન્સીનું ટેન્ડર મંજુર થાય તેણે સીકયોરીટી ડીપોઝીટની રકમ રૂા. ૧૦,૦૦૦ જમા કરાવવાની રહેશે. સીકયોરીટી ડીપોઝીટની રકમ કરારની મુદત પૂર્ણ થયાના એક માસ બાદ એજન્સીની સેવાઓ સંતોષકારક જણાયે એજન્સીને પરત ચૂકવવામાં આવશે. સીકયોરીટી ડીપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહીં.

૫. ટેન્ડર ભરનાર એજન્સીએ છેલ્લા બે વર્ષમાં થયેલ તેમના વાર્ષિક સરેરાશ લઘુત્તમ ટર્ન ઓવરની વિગતો દર્શાવવી જરૂરી રહેશે. તે કોઈ નાણાકીય સંસ્થાના ડીફોલ્ટર નથી તથા કોઈ પોલીસ કેસ રેકોર્ડ પર નહી હોવાનું એકરારનામું રજુ કરવાનું છે.

૬. સંપૂર્ણપણે ભરેલ પૂર્વ લાયકાત માટેનું કવર અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મનું કવર અલગ અલગ કવરોમાં સંપુર્ણ વિગતો સાથે <u>તા.૨૦/૧૧/૨૦૨૧</u> સુધીમાં કચેરીમાં <u>૧૭.૦૦ કલાક</u> સુધીમાં સીલબંધ કવરમાં મળી જાય તે રીતે <u>ટપાલ/કુરીયર</u>થી મોકલી આપવાના રહેશે. નિયત તારીખ સમયબાદ મળેલ ટેન્ડરો રદ બાતલ ગણાશે.

૭. નિયત સમય મર્યાદામાં ટપાલ/કુરીયરથી મળેલ ટેન્ડરો <u>તા.૨૨/૧૧/૨૦૨૧</u> ના રોજ <u>૧૧.૦૦ કલાકે</u> કચેરી ખાતે ખોલવામાં આવશે. આવશ્યક કારણોસર સદર તારીખમાં ફેરફાર થઈ શકશે.

૮. ઈચ્છા ધરાવતી એજન્સીઓ સંબંધિત કચેરીની ચાલુ કામકાજના દિવસોએ ૧૧.૦૦ થી ૧૭.૦૦ કલાક દરમ્યાન મુલાકાત લઈ કચેરીની જરૂરીયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકશે. અને ટેન્ડર ભરતાં પહેલાં ઘટતી વિગતો મેળવી શકશે.

૯. ટેન્ડર ફોર્મ ભરીને ટપાલ/કુરીયર થી મોકલવાના ટેન્ડરના સીલબંધ કવર ઉપર **‘‘વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરી પાડવા માટેનું ટેન્ડર’’** એમ સંબંધિત ટેન્ડરના બંધ કવર ઉપર મોટા અક્ષરે સ્પષ્ટ રીતે લખવાનું રહેશે.

૧૦. ભરેલા ટેન્ડરો સ્વીકારવા/ન સ્વીકારવાનો નિર્ણય લેવાનો **વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર. જી.બનાસકાંઠા** કચેરીને અબાધિત અધિકાર રહેશે.

૧૧. પૂર્વ લાયકાત માટેના કવર અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ કવર અલગ અલગ સીલબંધ કવર ઉપર **‘‘પૂર્વ લાયકાત ફોર્મ’’** અને **‘‘ભાવપત્રકના ટેન્ડર ફોર્મ’’** લખવાનું રહેશે.

૧૨. પ્રથમ પૂર્વ લાયકાત અંગેનું સીલબંધ કવર ખોલવામાં આવશે અને કઈ એજન્સીઓ જરૂરી પૂર્વ લાયકાત ધરાવે છે, તે નકકી કરાશે. ત્યારબાદ જે એજન્સી જરૂરી પૂર્વ લાયકાત ધરાવતી હશે તેઓના જ ભાવપત્રકના ટેન્ડર કવર ખોલવામાં આવશે.

૧૩. ભરેલા ટેન્ડર ફોર્મના દરેક પાના ઉપર એજન્સીએ સહી સિક્કા કરવાના રહેશે.

## પરિશિષ્ટ – ૩

## વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) ની સેવા અંગેનું પૂર્વ લાયકાત ફોર્મ

**ટેન્ડર સાથે રજુ કરવાની વિગતો :–**

| | | | |
|---|---|---|---|
| ૧ | એજન્સીનું નામ તથા સરનામું | : | |
| ૨ | વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન નંબર* | : | |
| ૩ | માલિક/ ભાગીદારોના નામ/ સરનામું/ ફોટા (કુલ મુખત્યાર) | : | |
| ૪ | એજન્સી/ માલિક/ભાગીદાર ના | : | |
| | ટેલીફોન નંબર | : | |
| | ફેક્ષ નંબર અને | : | |
| | ઈ–મેઈલ એડ્રેસ | : | |
| ૫ | વ્યવસાયમાં જોડાયાનું વર્ષ | : | |
| ૬ | છેલ્લા બે વર્ષના વાર્ષિક ટર્ન ઓવરની વિગતો (લઘુત્તમ સરેરાશ – રૂા. લાખમાં ) | : (અ) વર્ષ ૨૦૧૯–૨૦ | |
| | | : (બ) વર્ષ ૨૦૨૦–૨૧ | |
| ૭ | હાલ અથવા અગાઉ જે કંપની / સંસ્થાની કામગીરી કરતા હોય તેની વિગતો*<br>સરકારી / અર્ધ સરકારી/ જાહેર સાહસ/ બેન્ક/ હોસ્પિટલ/ સહકારી સંસ્થા/ ઔધોગિક કંપની/ હોટલ, ઈત્યાદી | : | |

| ક્રમ | સંસ્થા/ કંપનીનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર | કરારનો સમય કયાંથી કયાં સુધી | વાર્ષિક કરારની વિગત | પુરી પાડેલી સેવાઓની વિગત/સંખ્યા |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

**( સંસ્થાનું સંતોષપત્ર*  સામેલ કરવું )**

| | | |
|---|---|---|
| ૮ | આવક વેરા હેઠળ નોંધાયેલ PAN નંબર | : |
| ૯ | વાહન હંકારવાની સેવા સુવિધા | : |
| | વાહનોની સંખ્યા ** | : |
| | વાહન હંકારનારની સંખ્યા | : |
| | હંકારનાર લાયસન્સ ધરાવે છે? | : |
| ૧૦ | પૂર્વ  ઈતિહાસ સ્વચ્છ છે?<br>નાણાંકીય સંસ્થાના ડીફોલ્ટર નથી/<br>પોલીસ કોર્ટ  રેકર્ડ  પર કેસ નથી તેનું બાંહેધરી પત્ર છે?<br>બાંહેધરી પત્ર આપવું | : |

**નોંધ :** *  ઉકત વિગતોની ફોટો નકલ/સંદર્ભપત્ર/ સક્ષમ સત્તાના પ્રમાણપત્ર અચુક રજુ કરવા. જે વિના ટેન્ડર વિચારણામાં લેવાશે નહી.

**  એજન્સીએ આ સાથે બિડેલ પત્રક મુજબ તમામ વાહનોની વિગત આપવાની રહેશે.

**એજન્સી પાસેના વાહનોની માહિતી દર્શાવતું પત્રક**

| | | |
|---|---|---|
| ૧ | રજીસ્ટ્રેશન નંબર તેમજ તારીખ | : |
| ૨ | કંપનીનું નામ | : |
| ૩ | મોડેલ | : |
| ૪ | વાહનના માલિકનું નામ | : |
| ૫ | રજીસ્ટ્રેશન તારીખ અને નંબર | : |
| ૬ | વાહનનો ટેક્ષ ભર્યાની વિગત | : |
| ૭ | અકસ્માત વિમા : કંપની/પોલીસી નંબર/ વેલીડીટી | : |
| ૮ | ટેક્ષી / મેક્ષી પરમીટની વિગત | : |
| ૯ | ટેક્ષી / મેક્ષી પરમીટ રીન્યુ કરાવવાની વિગત | : |

**<u>નોંધ :–</u>**

૧. ઉપરોકત જણાવેલ (૧) થી (૯) મુદ્દાની માહિતી પ્રત્યેક વાહન માટે અલગ શીટમાં આપવાની રહેશે.

૨. વાહનની રજીસ્ટ્રેશન બુક, ટેક્ષી / મેક્ષી પાસીંગ સર્ટીફીકેટ, વિમાની પોલીસી તેમજ રસ્તા પરમીટની નકલ પૂર્વ લાયકાત ફોર્મ સાથે બિડાણ કરવાની રહેશે.

**કોન્ટ્રાકટરના સહી – સિક્કા**

**પરિશિષ્ટ–૪**

**વાહન સુવિધા (હંકારવાની સેવા સાથે) ની સેવા પરી પાડવા અંગેનું ભાવપત્રકનું ટેન્ડર ફોર્મ**

| અ. નં. | વિગત<br>વાહન સુવિધા<br>(હંકારવાની સેવા સાથે) | વિગતમાં દર્શાવેલ કામગીરી માટેના ભાવ રૂા.<br>(૨૫૦૦ કિ.મી. પ્રતિ માસ) | કામની પધ્ધતિ | પુરા પાડવામાં આવનાર વાહનની વિગત |
|---|---|---|---|---|
| (૧) | એસી જીપ | રૂા. ....................................<br>(શબ્દોમાં રૂપિયા ....................<br>.........................................<br>.........................................) | ૨૫૦૦ કિ.મી. પ્રતિ માસ | વર્ષ ૨૦૧૫ કે તે પછીના મોડલ નું વાહન બોલેરો જીપ અથવા તેને સમકક્ષ વાહન |

**(*ભાવની વિગત આંકડા તેમજ શબ્દોમાં ભરવી)**

અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ :.....................

ડ્રાફટ/ પે ઓર્ડર નંબર :...............................

તારીખ :......./........./..............

બેન્કની વિગત :.......................................

કરાર નામાની ઉલ્લેખિત તમામ બોલીઓ અને કામગીરીની શરતો મેં/અમે વાંચી છે અને હું/અમે બરાબર સમજયા છીએ. ઉપર ભાવપત્રકમાં નિર્દિષ્ટ કામનો પ્રકાર અને પધ્ધતિ પણ વાંચી સમજીને સ્વીકારીએ છીએ. આ સર્વે બોલીઓ, શરતો અને કામગીરીની વિગતો અને પધ્ધતિનો કોઈપણ વાંધો, વિરોધ કે તકરાર સિવાય સંપૂર્ણપણે સ્વીકાર કરું છું/ કરીએ છીએ અને આ ભાવપત્રક ભર્યુ છે.

**સ્થળ :** **ટેન્ડર ભરનારની સહી.....................**

**તારીખ :** **સીક્કો**

**ટેન્ડર ભરનારનું નામ :**

**એજન્સીનું નામ :**

**પરિશિષ્ટ–૫**

**વાહન સુવિધા (હંકારવાની સેવા સાથે) ની સેવા પૂરી પાડવા અંગેનું કરારનામું**

આ કરારનામું આજે તા......................... ના રોજ ...................................... મુકામે અમો **વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર, જી.બનાસકાંઠા** (હવે પછી જેમને સક્ષમ સત્તા/ કચેરી તરીકે સંબોધવામાં આવશે) તથા ......................................................................................... (હવે પછી જેમને એજન્સી તરીકે સંબોધવામાં આવશે) તેમની વચ્ચે આથી કરવામાં આવે છે.

આ કરાર એજન્સી દ્વારા **વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર, જી.બનાસકાંઠા** કચેરીમાં વાહન સુવિધા (હંકારવાની સેવા સાથે) સેવાઓ આપવા માટે કરવામાં આવે છે. આ કરારનામું તા. ૦૧/૧૧/૨૦૨૧ થી ૩૧/૦૩/૨૦૨૨ સુધી અમલમાં રહેશે અને ત્યારબાદ પરસ્પર સહમતીથી વધુ એક વર્ષ અથવા વધુ સમય માટે કરાર લંબાવી શકાશે.

| અ.નં. | કામનો પ્રકાર | કામની પધ્ધતિ |
|---|---|---|
| (૧) | વાહન સુવિધા હંકારવાની સેવા સાથે | ૨૫૦૦ કિ.મી. પ્રતિ માસ |

**વાહન સુવિધા (હંકારવાની સેવા સાથે) ની સેવા એજન્સીએ માટેની પુર્વ લાયકાત અંગેની શરતો :**

(૧) ટેન્ડર ભરનાર એજન્સી પાસે પોતાના નામે ઓછામાં ઓછુ એક (બોલેરો જીપ અથવા તેને સમકક્ષ વાહન) હોવું જોઈએ.

(૨) એજન્સીએ નવું વાહન અથવા વર્ષ ૨૦૧૫ કે તેથી ઉચા મોડલનું બોલેરો જીપ અથવા તેને સમકક્ષ વાહન પુરું પાડવાનુ રહેશે.

(૩) ટેન્ડર ભરનાર એજન્સીએ છેલ્લા બે વર્ષની વાહન સુવિધાની સેવાની માહિતી આપવાની રહેશે.

(૪) ટેન્ડર ભરનાર એજન્સી પાસે વ્યવસાય વેરા રજીસ્ટ્રેશન નંબર અને પાન નંબર હોવો જોઈએ.

**વાહન સુવિધા (હંકારવાની સેવા સાથે) ની સેવા એજન્સીએ નીચે દર્શાવેલ શરતોને આધીન પુરી પાડવાની રહેશે.**

(૧) એજન્સીએ વાહન કચેરી ખાતે સવારે ૯.૦૦ કલાકે ડ્રાઈવર સહિત લઈ આવવાનું રહેશે અને જરૂરીયાત મુજબ વહેલી સવારે પણ આવવાનું રહેશે. જેની સુચના અગાઉથી આપવામાં આવશે.

(૨) સીકયોરીટી ડીપોઝીટની રકમ રૂા. ૧૦,૦૦૦ ટેન્ડર સ્વીકાર થયે જમા કરાવવાની રહેશે. સીકયોરીટી ડીપોઝીટની રકમ કરારની મુદત પૂર્ણ થયાના એક માસ બાદ એજન્સીની સેવાઓ સંતોષકારક જણાયે એજન્સીને પરત ચૂકવવામાં આવશે. સીકયોરીટી ડીપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહીં.

(૩) શરૂઆતના અને અંતિમ કિ.મી. અત્રેની કચેરી ખાતેથી ગણવામાં આવશે.

(૪) આઉટસોર્સથી વાહન પુરા પડાયેલ વાહનનો નંબર, ડ્રાયવરનું નામ અને ફેરવવામાં આવેલ કિલોમીટર અને તેનો હેતુ અચુક નોંધીને નિયમોનુસાર લોગબુક નિભાવવાની રહેશે. તેમજ તેમાં સંબંધિત અધિકારીશ્રીની સહી મેળવવાની રહેશે.

(૫) તમામ વાહનોના વેરાઓ જેવા કે, સર્વીસ ટેક્ષ, ટોલટેક્ષ, રોડ ટેક્ષ તેમજ અન્ય તમામ વેરાઓ એજન્સીએ ભરવાના રહેશે.

(૬) સદરહું સમય ગાળા દરમ્યાન પોલીસ/ R.T.O. ધ્વારા કોઈ પણ જાતનો મેમો આપવામાં આવે તો તે ભરવાની સંપુર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

(૭) એજન્સીએ પ્રત્યેક માસના અંતે બીલ (બે નકલમાં) અત્રેની કચેરીના લોગબુકના રેકર્ડ પ્રમાણે કચેરીમાં રજુ કરવાનું રહેશે. સરકારી ધારાધોરણ મુજબ લાગુ પડતો ટી.ડી.એસ. બીલમાંથી કપાત કરવામાં આવશે.

(૮) વાહન હંકારનાર વ્યકિત, વાહન ચલાવવાની ઠરાવેલ સર્વ લાયકાતો ધરાવતો હોય તે એજન્સીએ જોવાનું રહેશે. ખાસ તો જરૂરી લાયસન્સ ધરાવતો હોય, કલર બ્લાઈન્ડ ન હોય, પંચાવન વર્ષથી વધુ વયનો ન હોવો જોઈએ. જે અંગેના પુરાવાઓ જે તે કચેરીના સંબંધિત અધિકારી સક્ષમ રજુ કરવાના રહેશે.

(૯) વાહન ચાલકે વાહન હંકારતી વખતે ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે જોવાનું રહેશે તેમજ વાહનને કોઈ નુકસાન ન થાય તે રીતે વાહન હંકારવાનું રહેશે.

(૧૦) વાહન ચાલકનો ગ્રુપ/ પર્સનલ એકસીડન્ટ પોલીસી હેઠળ જરૂરી વિમો નિયમિત રીતે ઉતરાવવાની જવાબદારી એજન્સીની રહેશે. વિમા સંબંધિત કાનુની પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની સંપુર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

(૧૧) એજન્સી દ્વારા પુરા પાડવામાં આવનાર વાહન ચાલકો દ્વારા તેમની અણઆવડત, બેદરકારી કે હેતુપૂર્વક તથા અન્ય કોઈ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નુકસાન થાય તો એજન્સી નુકશાન ભરપાઈ કરવા જવાબદાર રહેશે. યુનિવર્સિટીએ ભોગવવાનું થતું તમામ નુકસાન એજન્સી ભરપાઈ કરવા બંધાયેલ છે.

(૧૨) વાહન તરીકે ડિઝલ વાહન પસંદ કરવાનું રહેશે તેમજ વાહનની જાળવણી, બળતણ, મરામત, હંકારનારના ચાર્જની સઘળી બાબતોની જવાબદારી એજન્સીની રહેશે.

(૧૩) એજન્સીના વાહન હંકારનાર દ્વારા તેમની અણઆવડત, બેદરકારી કે હેતુપૂર્વક તથા અન્ય કોઈપણ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કચેરીની મિલ્કત કે કોઈપણ સાધન સામગ્રીને કે સેવાને સરકારી રેકર્ડ કે અધિકારી/ કર્મચારીઓની વસ્તુને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ નુકસાન કે યુનિવર્સિટી ભોગવવાનું થતું તમામ નુકસાન એજન્સી ભરપાઈ કરવા બંધાયેલ છે.

(૧૪) કરાર શરૂ કરતાં અગાઉ એજન્સીએ પુરું પાડવામાં આવનાર વાહન જે તે કચેરી ખાતે ચકાસણી અર્થે હાજર કરવાનું રહેશે. આ ચકાસણી બાદ જે વાહનની મંજુરી અપાશે તેમાં બદલાવ કરી શકાશે નહીં.

(૧૫) વાહન ચાલકે વાહન સાફ–સફાઈ કરી ચોખ્ખું રાખવાનું રહેશે અને દરેક સમયે મુસાફરી માટે તૈયાર રાખવાનું રહેશે.

(૧૬) એજન્સીએ પોતાની માલિકીના વાહનો પુરા પાડવાના રહેશે.

(૧૭) દરેક વાહન સારી સ્થિતીમાં ચાલી શકે તે માટે જરૂરી સમારકામ કરાવવાની તેમજ વાહનના દાગીના નવા નાખવાની તમામ જવાબદારી એજન્સીની રહેશે, તેમજ વાહન હંમેશા સારી કન્ડીશનમાં રહે તેનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

(૧૮) કચેરી ખાતે પુરા પાડવામાં આવેલ તમામ વાહનોની કોમ્પ્રીહેન્સીવ પેસેન્જર સહીતનો અકસ્માત વિમો ઉતરાવેલ હોવો જોઈએ. તેમજ તે અંગે ભરેલ પ્રીમીયમના પુરાવા કચેરી ખાતે રજુ કરવાના રહેશે. તેમજ સદરહુ પોલીસી પુરી થાય તે પહેલા સમય મર્યાદામાં તે પુનઃ જીવીત (રીન્યુ) કરાવી લેવાની રહેશે અને તે અંગેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે. અકસ્માતના સંજોગોમાં તમામ પ્રકારના વળતરની જવાબદારી એજન્સીની રહેશે તથા તેને સંલગ્ન કોર્ટ/કચેરી ખર્ચ પણ એજન્સીએ ભોગવવાનો રહેશે.

(૧૯) કરારના સમય દરમ્યાન એજન્સીના વાહનથી અકસ્માત થાય અને કચેરીની માલ–મિલકતને નુકસાની થાય તેમજ જાન માલની નુકસાની થાય તેવા કિસ્સામાં નુકસાનીની રકમ અને અકસ્માત વળતરની રકમ ચુકવવાની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે. એજન્સી આમ કરવામાં નિષ્ફળ જશે તો આ રકમ એજન્સીના બીલમાંથી વસુલ કરવામાં આવશે.

(૨૦) ટેન્ડર ભરનાર એજન્સી પાસે સરકારી, અર્ધ સરકારી, બેન્ક, જાહેર સંસ્થા કે સહકારી સંસ્થા સાથે ઓછામાં ઓછો એક વર્ષનો વાહન ભાડે આપવાનો અનુભવ હોવો જોઈએ.

(૨૧) મુસાફરીમાં રાત્રી રોકાણ દરમ્યાન ડ્રાયવરના રહેઠાણની વ્યવસ્થા એજન્સીએ કરવાની રહેશે.

(૨૨) રાત્રી રોકાણ દરમ્યાન હંકારનાર અને વાહનના આનુસંગીક ખર્ચની જવાબદારી એજન્સીની રહેશે.

(૨૩) ફાળવેલ વાહન અને/અથવા હંકારનારની અનુપલબ્ધિમાં અન્ય વાહન અને/અથવા હંકારનારની તાત્કાલીક તે જ દિવસે અને કચેરી સમયે વૈકલ્પીક વ્યવસ્થા ગોઠવવા એજન્સી બંધાયેલ રહેશે.

(૨૪) આમ છતાં જો એજન્સી વાહન હંકારનાર કે વાહનો પુરા પાડવામાં નિષ્ફળ જાય તો તેને સોંપાયેલું કામ અન્ય એજન્સી પાસેથી કરાવી લેવામાં આવશે અને તેનો ખર્ચ મુળ એજન્સી પાસેથી વસુલ લેવામાં આવશે. આવી વૈકલ્પીક વ્યવસ્થા ગોઠવવાની પ્રાથમીક ફરજ એજન્સીની બને છે. તેમાં નિષ્ફળ જવાથી વૈકલ્પીક વ્યવસ્થા કચેરીએ કરવાની ફરજ પડેલ હોવાથી તે અંગેની જાણ/મંજુરી મેળવવાની જવાબદારી કચેરીની બનતી નથી.

(૨૫) એજન્સી દ્વારા પુરા પડાયેલ વાહનનું ''સ્પીડોમીટર'' ચાલુ હાલતમાં સારી સ્થિતીમાં ખામી વગરનું હોવું જોઈએ જે એજન્સીને બંધનકર્તા રહેશે અને મીટર બંધ હાલતમાં હોય તે સમયગાળા દરમ્યાન કચેરીના અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરેલ અંતર એટલે કે કિ.મી. આખરી ગણાશે.

(૨૬) એજન્સી દ્વારા પુરા પડાયેલ વાહનમાં ''પ્રાથમીક ઉપચાર બોકસ'' સુસજજ કન્ડીશનમાં રાખવાનું રહેશે. વાહનમાં પાણીનો જગ, ગ્લાસ વગેરે રાખવાના રહેશે.

(૨૭) કરારના સમય દરમ્યાન કચેરીને વધારાના વાહનની જરૂરીયાત હશે, તેવા કિસ્સામાં વધારાના વાહન માટે પણ ટેન્ડરમાં જણાવ્યા મુજબની શરતો અને બોલીઓ લાગુ પડશે. જો નિયત સમય મર્યાદામાં એજન્સી વાહન પુરા પાડવા અસમર્થ હશે તો કચેરીને અન્યત્રથી વાહન મેળવવાની સત્તા રહેશે.

(૨૮) આ કરાર બીન તબદીલી પાત્ર છે. એજન્સી પેટા એજન્સી રોકી શકશે નહીં અને સક્ષમ સત્તા/કચેરીની પૂર્વ મંજુરી સિવાય એજન્સી અન્ય કોઈ એજન્સીને આ કામ તબદીલ કરી શકશે નહીં અથવા આ કરારને અન્ય કોઈ બાબત અન્ય એજન્સીને તબદીલ કરી શકશે નહીં.

(૨૯) જો એજન્સી આ સેવા સંતુષ્ઠ રીતે પુરી પાડવામાં નિષ્ફળ નીવડે અને કચેરીને તેની સેવાઓથી અસંતોષ થાય તો એજન્સીની સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અને તેની સેવાઓ સમાપ્ત કરાશે. કચેરી આ કારણે થયેલ ખર્ચ, નુકસાન કે અન્ય કોઈપણ મુશ્કેલી માટે જવાબદાર રહેશે નહીં.

(૩૦) સદર કરારનો કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમ સત્તા/કચેરી એજન્સીને એક માસની નોટીસ આપીને કરારનો અંત લાવી શકશે. આ રીતે રદ થયેલ કરારના બાકીના સમયગાળાનું કોઈ વળતર આપવામાં આવશે નહી.

(૩૧) જો એજન્સી કરાર ચાલુ રાખવા ઈચ્છતી ન હોય તો તેને ત્રણ માસની લેખિત નોટીસ આપવી પડશે, આવી નોટિસ ન આપવાની પરિસ્થિતિમાં તેની સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૩૨) એજન્સીના માલીકના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારોને કોઈ હક/દાવો રહેશે નહી. આમ છતાં, એજન્સીના માલીકના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવોના ધોરણે જ આ કામગીરી ચાલુ રાખવા માંગતા હોય તો આ કચેરીની પુર્વ સંમતિથી નિયત સમય સુધી આ કામગીરી ચાલુ રાખી શકાશે.

(૩૩) આ કરાર બન્ને પક્ષકારોને કબુલ–મંજુર અને બંધનકર્તા છે અને તેની સાબીતી રૂપે નીચે જણાવેલ સાક્ષીઓ રૂબરૂ સહીઓ કરી છે.

સ્થળ :
તારીખ :

૧) ...............................................................
(અધિકારીની સહી, નામ અને હોદ્દો)

૨) ...............................................................
(એજન્સીનું નામ/ અધિકૃત પ્રતિનિધિનું નામ અને સહી)

સાક્ષીઓની સહી :

૧) ....................................

૨) ....................................